ભારતીય 'રાજનિતી' બોલીવૂડના પ્રભાવમાં પ્રવચનોમાં નેતાઓની 'છટા'માં પરિવર્તન

એક જ પાર્ટીની સરકાર હોય તો પણ દિલ્હીમાં પડતર પ્રશ્નો પડતર જ રહે છે...

ગાંધીનગર, તા. ૮

પોલિટીક્સ પણ હવે તો બોલીવૂડ જેવું થઈ ગયું છે. ટીવી સામે આવવાનું હોય ત્યારે મેઈકઅપ કરવાનો અને લોકપ્રિય થવું હોય તો ફિલ્મ કલાકારો સાથે મુલાકાત કરી ફોટા પડાવવા... ફિલ્મના ટાઈટલોની પણ હવે તો ચોરી થવા લાગી છે. નેતાઓના ભાષણોમાં આક્રમકતા લાવવા માટે બોલીવુડના હિરો બોલે તેવા ડાયલોગ્સ જોવા મળે છે. 'એક એક કો ચૂન ચૂન કે મારૂંગા...' 'મોત કા સોદાગર...' જેવા ડાયલોગનો ગુજરાતમાં અગાઉ પ્રયોગ થયો છે. નેતાઓની સ્ક્રિપ્ટ લખનારા બદલાઈ ચૂક્યા છે. જેની વાતમાં દમ છે તેની પાછળ પબ્લિક ગાંડી બને છે... પ્રચાર સભામાં બોલેલું વાક્ય લોકોના હૃદયમાં સીધું ઉતરી જાય તેવું નેતાઓ ઈચ્છે છે.

ચૂંટણી પ્રચારમાં નરેન્દ્ર મોદી અને રાહુલ ગાંધીની છાંટ અને છટા બદલાઈ છે. આ બન્ને ચતુર નેતાઓના પ્રવચનોની નોંધ લેવામાં આવે છે. ફિલ્મોના ક્રેઝી પોલિટીશ્યનો હવે તેમની સરકારના નામ પણ ફિલ્મીસ્ટાઈલમાં રાખવા લાગ્યા છે. યુપીએ સરકારે યુપીએ-૧ અને યુપીએ-૨ નામકરણ કર્યું છે અને હવે યુપીએ-૩ના ખ્વાબમાં રાચે છે... ફિલ્મોમાં પણ ગોલમાલ-૩, મર્ડર-૩, ક્રિશ-૩, રાઝ-૩ એ જન્મ લીધો છે. કેન્દ્રમાં એનડીએ માટે પણ એવું થઈ શકે છે. એનડીએ-૧ પછી એનડીએ-૨ની રચના થઈ શકે છે. કહેવાનો મતલબ એ કે યુએસની ચૂંટણીમાં જેમ હોલીવૂડનો પ્રભાવ છે તેમ ઈન્ડિયાની ચૂંટણીમાં બોલીવૂડનો પ્રભાવ જોવા મળે છે...

● દિલ્હીનો રૂઆબ જુદો જ છે, રાજ્યો શું ચીજ છે...

કેન્દ્ર અને રાજ્ય વચ્ચેના સાબંધોમાં ખટરાગ એ આજનો વિષય નથી. રાજ્યના પડતર પ્રશ્નો દિલ્હીની સરકાર ઉકેલતી નથી તે હકીકત છે. વર્ષોથી ચાલી આવતી આ લાગણી છે. જીવારાજ મહેતા થી નરેન્દ્ર મોદી તમામ મુખ્યમંત્રીઓ ગુજરાતના હક્ક માટે લડ્યા છે. જો બધાં પ્રશ્નો ઉકલી ગયા હોત તો આજે નર્મદા યોજનાનો કોઈ ઈસ્યુ જ ઉભો થયો ન હોત.. રૂપિયા ૫૦૦૦ કરોડની યોજના ૬૫૦૦૦ કરોડની બની સકી ન હોત... કેન્દ્ર સાથે લડવાની તાકાત પૂર્વ મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલમાં હતી, તેમણે નર્મદા યોજના સહિતના ઔદ્યોગિક મુદ્દાઓ ઉપર કેન્દ્ર સામે બાથ ભીડી હતી પરંતુ કોંગ્રેસ સાથે વિલિનિકરણ થયા પછી તેઓ મૌન થઈ ગયા હતા....

ગુજરાતમાં છેલ્લા ૧૨ વર્ષથી શાસન કરી રહેલા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતને અન્યાયના મુદ્દે યુપીએ સરકાર સામે લડી રહ્યાં છે. પણ આ જ ભાજપની

● અનુસંધાન પાન-૭ પર

ટાઈમ લાઈન
- ગૌતમ પુરોહિત

ગાંધીનગરમાં અકસ્માતોનું પ્રમાણ ઘટ્યું, કારણ માર્ગો ઉપરની આડશો...

નરેન્દ્ર મોદીની જેમ અમિત શાહ પણ સેઈફ ઝોનમાં પ્રવેશી ચૂક્યાં છે...

ટ્રાફિક ઝુંબેશ યથાવત : વધુ ૪૭૫ દંડાયા

આજે ઘ-૦ સર્કલ નજીક ટ્રાફિક પોલીસે ટ્રાફિક ઝુંબેશ હાથ ધરી હતી : ૪૭૫ વાહનચાલકોને પાવતી પકડાવી રૂ. ૩૧,૪૭૫નો દંડ વસૂલ્યો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લા ટ્રાફિક પોલીસે આજે ફરી વાહનચાલકો સામે લાલ આંખ કરી હતી. ગાંધીનગર ટ્રાફિક પોલીસ અને લોકલ પોલીસે ઘ-૦ સર્કલ નજીક ટ્રાફિક ઝુંબેશ હાથ ધરી હતી. જેમાં સ્થળ પર જ કુલ ૪૭૫ વાહનચાલકોને પાવતી પકડાવી રૂ. ૩૧,૪૭૫નો દંડ વસૂલ કર્યો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર ટ્રાફિક પોલીસે તેમજ લોકલ પોલીસે આજે ફરી ઘ-૦ નજીક ટ્રાફિક ઝુંબેશ હાથ ધરી હતી. સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન ટ્રાફિક પોલીસે લાયસન્સ વગરના ૧૪ બાઈક ડીટેઈન કર્યા હતા. જ્યારે ૩૩૨ હેલમેટ વગરના, ૧૨૧ સીટબેલ્ટ વગરના, ૧૧ કાળી પટ્ટી વાળી કાર તેમજ અન્ય ૧૨ મળી કુલ ૪૭૫ વાહન ચાલકોને સ્થળ પરજ પાવતી પકડાવી હતી અને રૂ. ૩૧,૪૭૫ નો દંડ વસૂલ્યો હતો. ટ્રાફિક પોલીસે છેલ્લા દોઢ એક માસ દરમિયાન ટ્રાફિકના નિયમોનું પાલન ન કરનાર વાહન ચાલકો પર કડક કાર્યવાહી હાથ ધરી છે અને સતત ચોથી વખત ટ્રાફિક ઝુંબેશ હાથ ધરી અંદાજે દોઢેક લાખનો દંડ વસૂલ કર્યો છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

શહેરી વિસ્તારના ગામોમાં ગંદકીના ઢગ ખડકાતા ગ્રામજનોને ગુંગળામણ

ચુંટાયેલા કોર્પોરેટરોએ પણ ગંદકીની સમસ્યા દૂર કરવામાં રસ નથી !

ગાંધીનગર, તા. ૬

શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં ગંદકીના ઢગ ખડકાયા છે. કોર્પોરેશન કક્ષાએથી સફાઈ વેરો ઉઘરાવાયા બાદ સફાઈના પ્રશ્ને ધ્યાન ન અપાતા ગ્રામજનોમાં આક્રોશ પ્રવર્ત્યો છે. ચુંટાયેલા કોર્પોરેટરો પણ ગંદકીની જટીલ સમસ્યા નિવારવા રસ દાખવતા નથી.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ કેસરીસિંહ બિહોલાના જણાવ્યા મુજબ શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ પાલજ, બાસણ, બોરીજ, આદીવાડા, ધોળાકૂવા અને ફતેપુરા સહીતના ગામોમાં સફાઈ વ્યવસ્થાના નામે મીંડુ છે. જેના પરિણામે ગ્રામ્ય વિસ્તારમાં ગંદકીના ઢગ ખડકાયા છે. ગંદકી વચ્ચે ગુંગળામણ અનુભવતા ગ્રામજનો દ્વારા આ મામલે તંત્ર સમક્ષ અનેકવાર રજૂઆત કરવા છતાં કોઈ પગલા લેવાતા નથી. દુર્ગંદયુક્ત માહોલમાં ગ્રામજનોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાયો છે. ગંદકીના લીધે મચ્છરો અને જીવજંતુઓનો ઉપદ્રવ વધી ગયો છે. જ્યારે કોર્પોરેશન દ્વારા પણ સફાઈવેરો ઉઘરાવી સફાઈનો પ્રશ્ન રામભરોસે છોડી દેવાયો છે. સફાઈના મામલે ચૂંટાયેલા કોર્પોરેટરો જ રસ ન દાખવતા ગ્રામજનો દયનીય હાલતમાં મુકાઈ ગયા છે. શહેરી વિસ્તારના ગામોમાં પાયાની અન્ય સુવિધાઓ ઉપલબ્ધ નથી ત્યારે દુવિધાઓના ઘેરાવા વચ્ચે ગંદકી પણ હઠીલી બનતા ગ્રામજનો ગળે આવી ગયા છે. ગ્રામ વિસ્તારમાં સફાઈ અભિયાન હાથ દરવા પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગરમાં રાત્રે વધતી ઠંડી : દિવસે ગરમીનો અનુભવ

શહેરમાં આજકાલ બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે : લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રી જેટલું નીચે ઉતર્યું છે તો મહત્તમ તાપમાન ડબલથી વધુ એટલે કે ૩૧.૮ ડિ.સે. નોંધાયું છે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરમાં ઠંડી જામી રહી છે. લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રીએ પહોંચતા તેની અસર જનજીવન પર જોવા મળી રહી છે. જો કે દિવસે હજુ પારો ખુબ ઉંચો છે આથી આજકાલ બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે.

ડિસેમ્બર માસ જેમ જેમ આગળ વધી રહ્યો છે તેમ તેમ ઠંડી વધી રહી છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી લઘુત્તમ તાપમાન સતત ઘટી રહ્યું છે. ગઈ કાલે લઘુત્તમ તાપમાન ૧૨.૫ ડિ.સે. નોંધાયા બાદ આજે વધુ ૦.૫ ડિ.સે. જેટલું ઘટીને ૧૨ ડિગ્રી નોંધાયું હતું. સુર્યાસ્ત પછી એકાએક જ પારો નીચે જવા માંડે છે. ઠંડી વધતા તેની અસર જનજીવન પર પણ જોવા મળી રહી છે. રાત્રે આઠ નવ વાગે તો શહેરના આંતરિક માર્ગો અને કેટલાક આંતરિક સેકટરો સાવ સુમસામ થઈ જાય છે ક્યાંય કોઈ અવરજવર દેખાતી નથી. ઝુંપડાવાસીઓ મોડી રાત સુધી તાપણાં સળગાવી ઠંડી ઉડાડવાનો પ્રયાસ કરતા નજરે ચઢે છે. વહેલી સવારે શાળાએ જતાં બાળકો ગરમ વસ્ત્રોમાં લપેટાઈને જતા જોવા મળી રહ્યા છે. જો કે મહત્તમ તાપમાન હજુ ઘણું ઉંચું છે. આથી દિવસ દરમિયાન ગરમ વસ્ત્રો પહેરવાની જરૂર રહેતી નથી. મહત્તમ તાપામન ૩૧.૮ ડિ.સે. જેટલું ઉંચું રહેતા ગરમીનો અનુભવ થાય છે. આજે ભેજનું પ્રમાણ સવારે ૭૦ ટકા અને સાંજે ૫૩ ટકા જેટલું નોંધાયું હતું.

બીએસએનએલના સુલભ પ્લાનના ભાડામાં ફેરફાર

૭પના બદલે રૂ. ૯૦ ભાડુ વસુલાશે કોલ્સના પલ્સ ડ્યુરેશનમાં પણ ૬૦ સેકન્ડ્સના ઘટાડા મુજબ ચાર્જ વસુલાશે

ગાંધીનગર, તા. ૭

બી.એસ.એન.એલ. દ્વારા લેન્ડલાઈન કોલના સુલભ પ્લાનના ભાડામાં ફેરફાર કરાયો છે. સુલભ પ્લાન અન્વયે હવે રૂ. ૭પના બદલે રૂ. ૯૦ થી ૧૪૦ સુધીનું ભાડુ વસુલવામાં આવશે. જ્યારે બી.એસ.એન.એલ.થી અન્ય લેન્ડલાઈન કોલ્સ માટે પણ પલ્સ ડ્યુરેશન ઘટાડીને ૧૨૦ સેકન્ડ કરી દેવાતા હવેથી આ પ્રમાણે ચાર્જ વસુલવામાં આવશે.

બી.એસ.એન.એલ. ગુજરાત ટેલિકોમ સર્કલની કચેરીના સૂત્રોના જણાવ્યા પ્રમાણે બી.એસ.એન.એલ.ના સુલભ અને સરળ જનરલ પ્લાનના ભાડા અને રૂરલ જનરલ પ્લાનના ભાડા અને કોલ્સ ચાર્જીસમાં ફેરફાર કરાયો છે. જેમાં સુલભ પ્લાન અન્વયે અગાઉ

● અનુસંધાન પાન-૭ પર

લગ્નની સિઝનના કારણે મુખ્ય માર્ગો પર ટ્રાફિક વધ્યો

લગ્નસરાની સીઝનના કારણે મોડીરાત સુધી શહેરના માર્ગો વાહનોની અવરજવરથી ધમધમે છે

ગાંધીનગર, તા. ૮

લગ્નની સીઝન પુરબહારમાં ખીલી છે. ૧૫મી ડિસેમ્બરથી કમુરતા બેસી જાય તે પહેલા શહેરમાં મહત્તમ લગ્નો થઈ રહ્યા છે. લગ્ન ઉપરાંત તેને સંબંધીત અન્ય કાર્યક્રમો જેવા કે દાંડિયા, સંગીત અને રીસેપ્શનના કાર્યક્રમો પણ ઠેર ઠેર યોજાઈ રહ્યા છે. લગ્નની સીઝનના કારણે શહેરમાં ટ્રાફિક વધ્યો છે. મુખ્ય માર્ગો પર વાહનોની અવરજવર જોવા મળી રહી છે.

શિયાળાના દિવસોમાં સામાન્ય રીતે નવેક વાગ્યાની આસપાસ શહેરમાં વાહનોની અવરજવર ઘટી જાય છે પરંતુ આજકાલ મોડી રાત સુધી શહેરના મુખ્ય માર્ગો જેવા કે ચ અને ઘ રોડ વાહનોની અવરજવરથી ધમધમતા રહે છે. વાહનોની અવરજવરનું કારણ છે. લગ્નોની સીઝન. લગ્ન અને સત્કાર સમારંભોમાં ભાગ લેવા માટે ગાંધીનગર ઉપરાંત અન્ય શહેરોમાંથી આવતા આમંત્રિતોની ગાડીઓની અવરજવર માર્ગો પર થતી સતત જોવા મળી રહી છે.

અમદાવાદ જેવા સ્થળોએ યોજાતા લગ્ન સમારંભોમાં હાજરી આપવા માટે હવે ગાંધીનગરાઓ ગાડીમાં જ જાય છે. મોડી રાતે તેઓ પરત આવે છે. આ અવરજવરના કારણે શહેરના મુખ્ય માર્ગો ધમધમતા જણાય છે.

આજના ટેકનોલોજીનાં અને ઈન્ટરનેટનાં યુગમાં બાળકો વિડીયોગેમ અને કોમ્પ્યુટરમાંથી ફ્રી થતા નથી ત્યારે ક્યાંક ક્યાંક વીસરાતી જતી રમત 'ભમરડાં' જોવા મળે છે. ચિત્તને એક ધ્યાન કરવાની અને જૂથમાં રહેવાની શીખ આપતી આ 'ભમરડાં'ની રમત લુપ્ત થતી અટકાવવી એ રમી ચૂકેલા 'મા-બાપ'ની ફરજ બને છે તેવું નથી લાગતું! (તસવીર : કશ્યપ નિમાવત)

શિયાળાના પ્રારંભે જ લીલા ચણા સસ્તા : પુષ્કળ આવક

ગાંધીનગર, તા. ૮

સારા ચોમાસાની અસર હવે ધીમે ધીમે જોવા મળી રહી છે. મંદીના માહોલ વચ્ચે કૃષિ પાકોની પુષ્કળ આવક થઈ રહી છે. શિયાળાની ઠંડી સાથે જ બજારોમાં લીલા ચણાનું આગમન થયું છે. તે ગયા વર્ષ કરતા ઓછા ભાવે વેચાઈ રહ્યા છે. લીલાચણાની ધૂમ આવક થઈ રહી છે.

સામાન્ય રીતે સીઝનના પ્રારંભે લીલાચણાના ભાવો ઊંચા હોય છે. સીઝનની શરૂઆતમાં ૧૦૦ થી અધિકના ભાવે વેચાતા લીલા ચણા અત્યારે છુટકમાં ૪૦ થી ૫૦ રૂ. વેચાઈ રહ્યા છે. આ વર્ષે સીઝનના પ્રારંભથી જ લીલા ચણાના ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. દિવાળી બાદ લીલાચણાની સીઝનનો પ્રારંભ થતો હોય છે જે ઉત્તરાયણ સુધી ચાલે છે. આ વર્ષે ગ્રામ્ય વિસ્તારોમાં લીલાચણાનો પુષ્કળ પાક થયો છે. સિઝનના પ્રારંભે જ આવકમાં વધારો થયો છે. એક કિલો ડાળખીવાળા ચણાનો ભાવ હાલમાં ૪૦ થી ૫૦ રૂ. છે તો ફોલેલા ચણાનો ભાવ કિલોએ ૬૦ થી ૭૦ રૂ. છે. જ્યારે જથ્થાબંધ બજારમાં હરાજીનો ભાવ કિલોએ રૂ. ૫ થી ૨૦ છે. જે ખુબ નીચા છે.

સામાન્ય રીતે સિઝનના પ્રારંભે લીલા ચણાનો ભાવ રૂ. ૧૦૦ થી વધુનો જોવા મળે છે. પરંતુ આ વર્ષે સીઝનના પ્રારંભે જ આવકો વધુ રહેતા ભાવો નીચે રહ્યા છે. આગામી દિવસોમાં હજુ પણ આવકો વધવાની સંભાવના છે. જેથી હજુ ભાવો નીચે આવશે. પાછોતરો વરસાદ સારો થતા લીલાચણા જેવા પાકોને ખુબ ફાયદો થયો છે. લીલા ચણા સહિતની શાકભાજી ખુબ સસ્તી થતા ગૃહિણીઓ આ વર્ષે મનભરીને ઉંધીયાનો સ્વાદ માણી શકશે.

પાંચ રાજયોમાં કોંગ્રેસના કારમા પરાજયથી પ્રદેશ કોંગ્રેસ કાર્યાલયમાં સન્નાટો છવાયો

ગાંધીનગર, તા.૮

દેશની પાંચ રાજયોની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને કારમો પરાજય મળતાં ગુજરાત કોંગ્રેસના કાર્યલયમાં સન્નાટો છવાઈ જવા સાથે પ્રદેશ કાર્યાલયમાં કોઈ આગેવાનો પ્રતિક્રિયા આપવા પણ ફરકયું ન હતું.

આજે પાંચ રાજયોની વિધાનસભા ચૂંટણીના જાહેર થયેલા પરિણામોમાં કોંગ્રેસનો પરાજય થવા પામ્યો હતો. તમામ રાજયોમાં કોંગ્રેસનો પ્રજાએ વોશઆઉટ કરી નાંખ્યો હતો. આજે આવેલા આ ચોંકાવનારા પરિણામોથી ગુજરાત કોંગ્રેસના નેતાઓ પણ ચોંકી ઉઠયા હતાં.

પાંચ રાજયોની વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં કોંગ્રેસનો પરાજય થતાં પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે આજે કોઈ જ પ્રદેશ નેતાઓ પ્રતિક્રિયા આપવા માટે ફરકયા જ ન હતાં. પરિણામોથી કોંગ્રેસના કાર્યાલયમાં સન્નાટો છવાઈ જવા પામ્યો હતો. કાર્યાલય પણ આજે આગેવાનો અને કાર્યકરો વિહોણું બની જવા પામ્યું હતું.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અમી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
રંગવાલા ડેકોરેટર્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/મીચેલ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
તમામ સાઈઝના ઓરીજીનલ ટાયર-ટ્યુબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (ગુજદાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com